# અર્થતંત્રમાં નવા પ્રાણ ફુંકવા પગલા લેવાશે : ચિદમ્બરમ

નવી દિલ્હી, તા.૬

અર્થતંત્રમાં નવા પ્રાણ ફુંકવા અને મુડીરોકાણને પ્રોત્સાહન આપવાનાં હેતુસર નવા નાણાં મંત્રી પી ચિદમ્બરમે આજે શ્રેણીબદ્ધ પગલા લેવાનું વચન આપ્યું હતું. સાથે સાથે ઘણાં બધા પોલીસી પગલા લેવાની પણ વાત કરી હતી. અર્થતંત્રને સ્થિર કરવા અને ટેક્સ વ્યવસ્થાને વધુ સાનુકુળ બનાવવાની વાત કરી હતી. વ્યાજદરમાં સંભવિત ઘટાડો કરવામાં આવે તેવી શક્યતા પણ દેખાઈ રહી છે. ચિદમ્બરમે કહ્યું હતું કે સરકાર ફુગાવાને અંકુશમાં લેવા અને વ્યાજદરના સંબંધમાં જોખમ લેવા માટે સજ્જ છે. ભાવ સ્થિરતાનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે ગરીબ લોકોને રાહત આપવામાં આવે તે જરૂરી છે. સરકાર જીવનજરૂરી ચીજવસ્તુઓની આયાતને વધારશે. સાથે-સાથે ઓછી કિંમતમાં અનાજનો જથ્થાનો ઉપયોગ કરવામાં આવશે. નાણાં મંત્રાલયનો હવાલો સંભાળી લીધા બાદ ચિદમ્બરમે શ્રેણીબદ્ધ મુદ્દાઓ ઉપર વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે ટેક્સ જોગાવઈઓની ફરી સમીક્ષા કરવામાં આવશે. ટેક્સ વિભાગ અને સંબંધિત મુલ્યાંકન અધિકારીઓ વચ્ચે વિવાદને દુર કરવા અને પેન્ડિંગ મામલાઓને વહેલીતકે ઉકેલી કાઢવાના હેતુસર ટેક્સ જોગવાઈઓની સમીક્ષા કરવાની પણ ખાતરી આપી હતી. મુડીરોકાણકારોમાં વિશ્વાસ પુનઃ જગાવવા વ્યાપક રૂપરેખા રજુ કરતા ગયા સપ્તાહમાં જ નાણાંખાતુ પુનઃ મેળવનાર ચિદમ્બરમે વિગતવાર નિવેદન કર્યું હતું જેમાં તેઓએ કહ્યું હતું કે સરકાર ફુગાવાને અંકુશમાં લેવા આરબીઆઈ સાથે મળીને કામ કરશે. વ્યાજના દરો હાલમાં ખુબ ઉંચા છે. મુડી રોકાણને વધારાવના હેતુસર ગણતરીપુર્વકના જોખમો સાવધાનીપુર્વક લેવાની જરૂર છે. ગ્રાહકો પરથી બોજને ઘટાડવા ઘણાં પગલા જરૂરી છે. આ સંબંધમાં આવનાર દિવસોમાં પગલા લેવામાં આવશે. તમામ રોકાણકારોમાં આત્મવિશ્વાસ જગાવવાની મુખ્ય પ્રાથમિકતા છે. આના માટે જે કંઈ પણ જરૂરી હશે તે તમામ પગલા લેવાશા. ઈન્કમટેક્સ એક્ટ અને જનરલ એન્ટિ એવોઈડન્સ રૂલ્સ (જીએએઆર) જોગવાઈમાં સુધારા કરવાના મુદ્દે તાજેતરમાં વિવાદનો ઉલ્લેખ કરતા ચિદમ્બરમે કહ્યું હતું કે ટેક્સ કાયદાઓમાં સ્પષ્ટતા, સ્થિર ટેક્સ વ્યવસ્થા, બીનપ્રતિકુળ ટેક્સ વ્યવસ્થા, વિવાદના ઉકેલ માટે યોગ્ય વ્યવસ્થા અને એક સ્વતંત્ર જ્યુડિશ્યલી મુડીરોકાણકારોને વધુ રાહત આપશે. જે કાંઈ પણ જરૂરી હશે તે પગલા લેવામાં આવશે. ચિદમ્બરમે કહ્યું હતું કે સરકાર ફુગાવાને અંકુશમાં લેવા અને વ્યાજદરને કાબુમાં લેવા જોખમ લેવા તૈયાર છે. ચિદમ્બરમે કહ્યું હતું કે સરકાર આવનાર દિવસોમાં ઉંચા વ્યાજદરને લઈને પણ પહેલ કરશે. નાણાંમંત્રી આજે સવારે આરબીઆઈના ગવર્નર ડી. સુબ્બારાવને મળ્યા હતા. તેમણે કહ્યું હતું કે મુડીરોકાણને વધારવા પગલા જરૂરી છે. સુબ્બારાવ પણ કહી ચુક્યા છે કે આરબીઆઈ માટે ફુગાવાને અંકુશમાં લેવાની બાબત સૌથી સર્વોચ્ચ પ્રાથમિક્તા વાળી છે. રિઝર્વ બેંકે હાલમાં જ તેની પ્રથમ ત્રિમાસીક ક્રેડિટ પોલીસી સમીક્ષામાં ઉદ્યોગજગત અને શેરબજાર તરફથી કરવામાં આવેલી માંગણી છતાં તેમની માંગણી ઉપર ધ્યાન આપ્યા વગર બેન્ચમાર્ક વ્યાજના



દરોમાં કોઈ ઘટાડો કર્યો ન હતો. અત્રે ઉલ્લેખનીય છે કે જુન મહિનામાં હોલસેલ ફુગાવો ૭.૨૫ ટકા હતો જ્યારે રીટેલ ફુગાવો ૧૦.૦૨ ટકા હતો. મે મહિનામાં ઈન્ડસ્ટ્રીયલ પ્રોડક્શનનો આંકડો ૨.૪ ટકાની નીચી સપાટીએ હતો. એકન્દરે આર્થિક વિકાસદર ૨૦૧૧-૧૨માં ઘટીને ૬.૫ ટકા થઈ ગયો છે. મોનસુનની સ્થિતી નબળી રહેતા તેની માઠી અસર વિકાસ ઉપર પડી છે. આયોજન પંચના નાયબ અધ્યક્ષ મોન્ટેકસિંહ આહલુવાલીયાએ વર્ષ ૨૦૧૨-૧૩માં આર્થિક વિકાસનો અંદાજ આશરે ૭ ટકા રાખ્યો છે જે વધુ ચિંતા ઉપજાવે છે.

## સોનામાં રૂપિયા ૫૦ અને ચાંદીમાં ૩૦૦નો સુધારો

નવી દિલ્હી, તા.૬

રક્ષાબંધન બાદ શરૂ મિની વેકેશનનો માહોલ સમાપ્ત થતાની સાથે જ સોમવારે ખુલતા બજારમાં સોના-ચાંદી ભાવમાં ફરી એકવાર તેજીનો ચમકારો જોવા મળ્યો હતો. જેના પગલે અમદાવાદ સોના-ચાંદી બજારમાં પણ ત્રણેય ધાતુઓમાં ભારે લેવાલીનો માહોલ જોવા મળ્યો હતો. જેનાં કારણે અમદાવાદ માર્કેટમાં એક કિલોગ્રામ ચાંદીનો ભાવ રૂપિયા ૩૦૦ના સુધારા સાથે રૂપિયા ૫૨૬૦૦ થી રૂપિયા ૫૩૧૦૦ની સપાટીએ બંધ રહ્યો હતો. જે શનિવારે સપ્તાહની અંતે રૂપિયા ૫૨,૩૦૦, ૫૨૮૦૦ની સપાટીએ જોવા બંધ રહ્યો હતો. અત્રે નોંધનીય છે કે શુક્રવારે ચાંદીનાં ભાવમાં રૂપિયા ૭૫૦ના જંગી કડાકા બાદ ચાંદીએ ફરીથી જુની સપાટી પ્રાપ્ત કરી લીધી છે. જ્યારે બીજી બાજુ ૧૦ ગ્રામ સોનાના ભાવ પણ રૂપિયા ૫૦ ના સુધારા સાથે રૂપિયા ૩૦૧૦૦ થી ૩૦૨૦૦ની સપાટીએ બંધ રહ્યો હતો. જે શનિવારે સપ્તાહના અંતે રૂપિયા ૨૯૯૫૦થી ૩૦૧૫૦ની સપાટીએ બંધ રહ્યો હતો. દરમિયાન સોના-ચાંદીના ભાવમાં સુધારાની સીધી અસર ત્રીજી ધાતુ રૂપા ઉપર પડી છે અને એક કિલોગ્રામ રૂપાના ભાવે રૂપિયા ૬૦૦ના ઐતિહાસિક ઉછાળા સાથે રૂપિયા ૫૨૪૦૦ થી ૫૨૯૦૦ની ઉંચી સપાટી મેળવી લીધી છે. જે શનિવારે રૂપિયા ૫૧૮૦૦ થી ૫૨૩૦૦ની સપાટીએ બંધ રહ્યો હતો. જ્યારે જાણકારો આગામી સમયમાં જન્માષ્ટમીનો તહેવાર નજીક હોઈ સોના-ચાંદીમાં વધુ ખરીદી થવાની શક્યતા વ્યક્ત કરી રહ્યા છે. જેના કારણે આગામી બે-ત્રણ દિવસ સુધી સોના-ચાંદીના ભાવમાં સુધારો યથાવત રહી શકે છે. અમદાવાદ ઉપરાંત દિલ્હી અને મુંબઈ તેમજ અન્ય બુલિયન બજારોમાં પણ સ્થિતી આજે પ્રમાણમાં સારી રહી હતી.

## ટીમ અણ્ણાને વિખેરી નાખવા નિર્ણય : રાજકીય પાર્ટી બનશે

નવી દિલ્હી, તા.૬

રાજકીય પાર્ટીની રચના કરવાનો માર્ગ મોકળો કરતા સામાજિક કાર્યકર અને ગાંધીવાદી નેતા અણ્ણા હજારેએ તેમની ટીમને વિખેરીનાંખી હતી. ભ્રષ્ટાચાર સામે જંગ ચલાવી રહેલા અણ્ણા હજારેના આ નિર્ણયને ખુબ જ મહત્વપુર્ણ ગણવામાં આવે છે. અણ્ણા હજારેએ તેમના બ્લોગમાં આ મુજબની જાહેરાત કરી હતી. જોકે પક્ષની રચના કરવાની તેઓ જાહેરાત કરવા જઈ રહ્યા છે કે તેમ એ અંગે તેમણે કોઈ વાત કરી ન હતી. રાજકીય વિકલ્પની રચના કરવા માટે અણ્ણાએ હાલમાં સંકેત આપ્યો હતો. અણ્ણા હજારેએ હાલમાં જંતરમંતર ખાતે અચોક્કસ મુદ્દતના અનશન કર્યા હતા. અનશન પરિપુર્ણ થયાના ત્રણ દિવસ બાદ અણ્ણાએ તેમની ટીમને ભંગ કરી દીધી છે. અણ્ણાએ કહ્યું છે કે ટીમનું કામ પરિપુર્ણ કરી લીધું છે. જન લોકપાલ માટે ટીમ રચવામાં આવી



છે. સરકાર જન લોકપાલ બીલ બનાવવા તૈયાર દેખાઈ રહી હતી. સમય ઝડપથી પસાર થઈ રહ્યો છે. જેથી અમે અનશન છોડીને વિકલ્પ આપવાની તૈયારીમાં છીએ. હજારેએ કહ્યું છે કે આજે ટીમ અણ્ણાની પ્રવૃત્તી પરિપુર્ણ કરી રહ્યા છે. ટીમ અણ્ણાની રચના જન લોકપાલ માટે લડત ચલાવવા કરવામાં આવી હતી. સરકાર સાથે વધુ વાતચીત નહીં કરવાનો પણ નિર્ણય કરવામાં આવ્યો છે.

આજથી કોઈપણ ટીમ અણ્ણા હશે નહીં અથવા તો ટીમ અણ્ણા કોર કમિટિ હશે નહી. ગયા વર્ષે એપ્રિલ બાદથી ટીમ અણ્મા શેરીઓમાં આવી ગઈ હતી. અનિશ્ચિતકાળના અનશન ઉપર અણ્ણા ચાર વખત ગયા હતા. ટીમ અણ્ણાએ હવે રાજકીય મેદાનમાં ઉતરવાની તૈયારી બતાવી છે. જસ્ટીસ સંતોષ હેગડે, અખિલ ગોગોઈ જેવા કોર કમિટિના સભ્યો વિરોધપક્ષ સાથે વાતચીત કરી ચુક્યા છે. સંસંદમાં સારા લોકોને મોકલવા વિકલ્પ આપીશું. ટીમ અણ્ણાને વિખેરી નાખવામાં પણ સામાન્ય લોકોમાં આને લઈને હતાશા છે. કારણ કે લોકો માને છે કે ઘણા સમય સુધી સંઘર્ષ ચલાવ્યા બાદ ટીમ અણ્ણાની નિષ્ફળતા જાહેર થઈ ચુકી છે. ટીમ અણ્ણા હવે વધુ લડત ચલાવવા ઈચ્છુક નથી. હાલમાં ટીમ અણ્ણાને લોકોનો ટેકો પણ મળી રહ્યો ન હતો. અણ્ણાએ બ્લોગ દ્વારા કેન્દ્ર સરકાર પર આકરા પ્રહાર કર્યા છે. તેમનું કહેવું છે કે સરકાર જન લોકપાલ બીલ લાવવા ઈચ્છુક નથી.

## આજે ઉપરાષ્ટ્રપતિ ચૂંટણી યોજાશે : અંસારી ફેવરિટ

### યુપીએનાં ઉમેદવાર અંસારી અને એનડીએનાં ઉમેદવાર જસવંતસિંહની વચ્ચે સ્પર્ધા : જોરદાર રાજકીય ઉત્તેજના

નવી દિલ્હી, તા.૬

ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં આવતીકાલે યુપીએનાં ઉમેદવાર હામિદ અંસારી અને એનડીએનાં ઉમેદવાર જસવંતસિંહ વચ્ચે સીધી સ્પર્ધા થશે. હામિદ અંસારીને હોટ ફેવરિટ ગણવામાં આવે છે. લોકસભાના કુલ ૭૮૮ મત પડે તેવી શક્યતા છે. ૧૪મા ઉપરાષ્ટ્રપતિ ચૂંટી કાઢવા લોકસભા અને રાજ્યસભાના ૭૮૮ સાંસદો મતદાન કરશે. તૃણમૂલ કોંગ્રેસ પાસે ૧૯ સાંસદો લોકસભામાં અને ૯ સાંસદો રાજ્યસભામાં છે. ડીએમકે પાસે લોકસભામાં ૧૮ અને રાજ્યસભામાં ૭ સાંસદો છે. એનસીપી લોકસભામાં ૯ અને રાજ્યસભામાં ૭ સાંસદો ધરાવે છે. આરએલડી લોકસભામાં ૫ સભ્યો ધરાવે છે.

આવતીકાલે દેશના ૧૪મા ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણી યોજાવાની છે. એઆઈએડીએમકે સુપ્રીમો અને તામિલનાડુના મુખ્યમંત્રી જે. જયલલિતાએ આજે ભાજપના નેતૃત્વ હેઠળના એનડીએના ઉમેદવાર જસવંતસિંઘને સમર્થન આપવાની જાહેરાત કરી હતી.આજે જસવંતસિંઘ સાથે મુલાકાત કર્યા બાદ જયલલિતાએ સમર્થનની જાહેરાત કરી હતી. જસવંતસિંઘનો ચૂંટણીમાં સીધો મુકાબલો કોંગ્રેસના નેતૃત્વ હેઠળના યુપીએના ઉમેદવાર અને વર્તમાન ઉપરાષ્ટ્રપતિ હામિદ અંસારી સામે છે.

બીજી બાજુ બીજી જનતાદળ (બીજેડી) એ ચૂંટણીમાં ગેરહાજર રહેવાની ગઈકાલે જાહેરાત કરી હતી. બીજી બાજુ યુપીએના ચાવીરૂપ ઘટકપક્ષ તૃણમૂલ કોંગ્રેસે અંસારીને સમર્થન આપવાના સંકેત આપતાં જસવંતસિંઘની હાર નિશ્ચિત મનાઈ રહી છે. બીજેડીનો નિર્ણય જસવંતસિંઘ માટે આંચકાજનક છે. બીજેડીના પ્રમુખ અને ઓરીસ્સાનો ભાગ ન લેવાની પક્ષના સાંસદો તરફેણ કરી રહ્યાં છે. જેથી અમે ગેરહાજર રહીશું. અત્રે એ ઉલ્લેખનીય છે કે પી. એ. સંગમાનું સમર્થન કર્યું હતું. તેના ૨૧ સાંસદો છે. જેમાં લોકસભા ૧૪ અને રાજ્યસભા ૭નો સમાવેશ થવા જાય છે.

## મંગળ પર નાસાના ક્યુરિયોસિટી યાનનું સફળ ઉતરાણ

વોશિંગટન, તા.૬

મંગળ ગ્રહની ધરતીના રહસ્ય જાણવા અમેરિકી અવકાશ સંશોધન સંસ્થા નાસા દ્વારા મોકલવામાં આવેલું મહત્વકાંશી ક્યુરિયોસિટી યાન ભારતીય સમય મુજબ આજે સવારે આશરે ૧૧ વાગ્યે મંગળની ધરતી પર સફળ રીતે ઉતરાણ કરતા વિશ્વભરના વૈજ્ઞાનિકોમાં ખુશીનું મોજુ ફરીવળ્યુ હતું.સાથે સાથે નવી ઉત્સુક્તા પણ વધી ગઈ છે. ધરતીના રહસ્યો જાણવા માટે ક્યુરિયોસિટી યાને ઉતરાણ કરી દીધું છે. પૃથ્વી પરથી રવાના થયા બાદ સાડા આઠ મહિનાની લાંબી સફર બાદ આ યાન આજે સવારે મંગળ પર ઉતરાણ કરતા ઉત્સુક્તા વધી ગઈ છે. પૃથ્વીથી ૩૫ કરોડ માઈલ અંતરે સ્થિત મંગળની ધરતી પર પહોચ્યા બાદ આ યાન ત્યાં પાણી અને માનવીય વસવાટની શક્તાઓની ચકાસણી કરશે. નાસાનું સૌથી મોટુ માર્સ રોબોટિક રોવર ક્યુરિયોસિટી પૃથ્વીથી ૫.૭ કરોડ કિમીનો અંતર કાપ્યા બાદ મંગળની ધરતી પર પહોંચી ગયું હતું. નાસાનું આ માર્સ રોવર મોટર સંચાલિત છે. ગયા વર્ષે ૨૬મી નવેમ્બરે ફલોરિડામાં કેપ કેનાવેરલ એરફોર્સ સ્ટેસનથી તેને પ્રોજેક્ટ કરવામાં આવ્યું હતું. ક્યુરિયોસિટી ૯૮ સપ્તાહ સુધી રહીને અભ્યાસ કરશે. આ દરમિયાન તે જળ, ધુળ માટી અને માનવ જાતિના સંકેતોની શોધ કરશે. ક્યુરિયોસિટીને રોકેટ સંચાલિત સ્કાય ક્રેનથી મંગળની ધરતી પર ઉતારવામાં આવ્યું છે. નાસાના વૈજ્ઞાનિકોને આશા છે કે અતિ આધુનિક સાધનોથી સજ્જ આ યાનને રોવર્સ કરતા વધુ સફળતા મળશે. ક્યુરિયોસિટી મંગળ ગ્રહના પહાડથી થોડાક અંતરે ઉતર્યો હતો. આનું ન્યોયોર્કમાં જીવંત પ્રસારણ પણ કરવામાં આવ્યુ હતું. ટાઈમ સ્કવેર પર એક મોટી સ્ક્રીન મુકવામાં આવી હતી. મંગળ ગ્રુહ પર કોઈ સમય માનવીય જીવન શક્ય હતુ કે કેમ તેની માહિતી



એકત્રિત કરશે. મંગળ પર માટીના નમુના એકત્રિત કરવામાં આવશે અને કેમેરાઓથી આ ગ્રહની સપાટીની ચકાસણી ચકાસવામાં આવશે. નાસાના હજુ સુધીના સૌથી મોટા હાઈટેક રોવર ક્યુરિયોસિટી મંગળ ગ્રહની સપાટી પર સુરક્ષીત રીતે ગેલ ક્રેટરમાં ઉતર્યો હતું. ઉતરાણના સિગનલ મળતાની સાથે જ વૈજ્ઞાનિકોમાં ખુશીનું મોજુ ફરી વળ્યુ હતું. ન્યુક્લિયર ફયુઅલથી ચાલનાર આ રોવર આશરે ૨ વર્ષ સુધી જરૂરી સુચનાઓ મોકલશે. ભારતીય એન્જિનીયરોની પણ આ યોજના છે. હકિકતમાં અમેરિકા અને બ્રિટન બાદ આ યોજનામાં ત્રીજા નંબરમાં ભારતની ભુમિકા છે. ક્યુરિયોસિટી રોવર અભિયાનમાં એક મહત્વપૂર્ણ ભુમિકા અદા કરનાર એડમ સ્ટેલત્જનેરે આ મિશન અંગે પુછવામાં આવતા કહ્યું હતું કે આ ખૂબ જ મહત્વપૂર્ણ સિદ્ધી છે. ક્યુરિયોસિટી રોવર નામના આ અભિયાન પાછળ આશરે ૨.૫ અબજ ડોલરનો અભુતપૂર્વ ખર્ચ થયો છે. આ અભિયાન હેઠળ નાસાના વૈજ્ઞાનિકોએ એક અતિ આધુનિક પ્રયોગશાળા મંગળ ઉપર મોકલી છે. આ પ્રયોગશાળાથી મળનાર માહિતી મંગળ ગ્રહની જમીન પર રહેલી માહિતીને સમજવામાં મદદ મળશે. એડમ અને તેમની ટીમે આ રોવરને મંગળની જમીન પર સુરક્ષીત ઉતારવા માટે જે વિકલ્પ પસંદ કર્યો હતો તેમાં એક રોકેટની મદદથી ચાલનાર ક્રેન પણ સામેલ છે. આ ખૂબ જ મહત્વકાંશી અને બિન પરંપરાગત યોજના છે. રોવરની યાત્રાના ત્રણ હિસ્સા છે. પ્રથમ મંગળ ગ્રુહમાં ઘુસવાની બાબત સામેલ છે. બીજામાં નીચલી સપાટી પર પરત ફરવા અને ત્રીજા તબક્કામાં જમીન પર ઉતરવાની બાબત સામેલ છે. માર્સ રોવરનું વજન ૯૦૭ કિલો છે. અને આ પોતાની રીતે વિશેષ કવરમાં ઢાંકવામાં આવ્યું છે. નાસાએ આ પ્રકાનું સાધન અગાઉ ક્યારે બનાયું નથી. રોવર ઉપર આ પ્રકારની સપાટી હજારો કિલોમીટરની પ્રતિકલાકની ઝડપથી નીચે ઉતરતી વેળા પેદા થનાર ૨૦૦૦ ડિગ્રીની ગરમીથી બચવા માટે બનાવવામાં આવ્યું છે. મંગળ ગ્રુહના વાતાવરણમાં પ્રવેશ કરતીવેળા તેની ગતિ ૨૦૦૦૦ કિલોમીટર પ્રતિ કલાકની હતી. અલબત માત્ર ૬થી ૮ મિનિટના ગાળામાં જ મંગળની સપાટી પર આના ચક્ર ટકરાવ્યા ત્યારે તેની ગતિ પ્રતિ સેકેન્ડ એક મીટરથી વધારે ન હતી.પરંતુ ૨૦૦૦૦ કિલોમીટર પ્રતિકલાકની ઝડપથી એક મીટર પ્રતિ સેકેન્ડની અતિ ધીમી ઝડપ ઉપર આને લાવવાની બાબત ખૂબ જ પડકારૂપ હતી. ૧.૫ કિલોમીટર ઉપરથી એક સુપર સોનિક પેરાસુટ નીકળતા તેની ગતિ ધીમી થઈ હતી. છતાં એકદમ ગતિ ધીમી ન પડતા બીજી વ્યવસ્થા કરવામાં આવી હતી.

## કાશ્મીરમાં એક એન્કાઉન્ટરમાં દિલ્હી બ્લાસ્ટનો આરોપી ઠાર

શ્રીનગર, તા.૬

સુરક્ષા દળોએ આજે જમ્મુ કાશ્મીરમાં એક એન્કાઉન્ટરમાં દિલ્હી હાઈકોર્ટ બ્લાસ્ટના સંબંધમાં વોન્ટેડ આરોપી અને આતંકવાદીને ઠાર મારી દીધો હતો. રાજ્યના કિસ્તવાર જિલ્લામાં આ એન્કાઉન્ટર થયું હતું. ઠાર થયેલા આતંકવાદીઓ પૈકી એક અકરમ ઉર્ફે આમિર તરીકે ઓળખાયો હતો. તે હિજબુલ મુજાહિદ્દીનનો કુખ્યાત શખ્સ હતો અને તેના ઉપર ૧૦ લાખ રૂપિયાનું ઈનામ પણ હતું. ઠાર થયેલા અન્ય એક આતંકવાદીની ઓળખ સાફિક અજામ તરીકે કરાવમાં આવી છે. જમ્મુ કાશ્મીર પોલીસ અને ઈન્ડિયન આર્મીની સંયુક્ત ટીમ દ્વારા આ બંને આતંકવાદીઓને ઠાર કરવામાં આવ્યા હતા. અહેવાલ મુજબ ઓપરેશન યથાવત રીતે મોડે સુધી ચલાવવામાં આવ્યું હતું. ઠાર થયેલા આતંકવાદીઓ પાસેથી મોટી માત્રામાં હથિયારો મળી આવ્યા હતા. અન્ય આતંકવાદીઓની શોધખોળ હજુ પણ ચાલી રહી છે. માર્યા ગયેલા આતંકવાદીઓ ખતરનાક ઈરાદા ધરાવતા હતા. આ આતંકવાદીઓ જમ્મુ કાશ્મીરમાં કેટલીક જગ્યાઓએ હુમલા કરવાની પણ યોજના ધરાવતા હતા. ચોક્કસ બાતમી મળ્યા બાદ સુરક્ષા દળોએ દિલ્હી હાઈકોર્ટ બ્લાસ્ટમાં વોન્ટેડ આતંકવાદીને ઠાર માર્યો હતો.

## ધૂપસળી ધૂણાવે આકાશ... (પાના નં. ૪ નું ચાલુ)

**અપ્રિય ગિરા,**
**તું તો મારી દિવેલ પીધેલ હતી,**
**તું તો મારી માથે પડેલ હતી.**
**આવી'તી તો હખણી થૈ ના રહી...**
**તું ભૂત થઈ પાછળ ના પડતી,**
**હાશ! હવે સપનામાં ય ન નડતી,**
**સારું થયું કે વહેલી ઉકલી ગઈ...**

●●●

લૌકિક ક્રિયા બંધ કરેલ છે. નાહકનો દિવસ બગાડવો એની પાછળ...

એ જ તારો... પરાણે થયેલો પતિ પિનાકીન ભટ્ટના -

પાંચ - પાંચ યુગના અંતરે પ્રમાણ.

(ચાર યુગ સાંભળ્યા છે. સતયુગ, ત્રેયાયુગ, દ્વાપરયુગ ને છેલ્લે કહેવાતો આ કળિયુગ) તારાથી ત્રાસી ગયેલો તારો પતિ પ્રભુને કરગરે છે કે હવે... પાંચમો યુગ પતિયુગ આવે.

અંતે... હું ઉપર તો ન ગઈ. 'જેની અહીં જરૂર નથી, યેની ત્યાં ય જરૂર નથી...' હશે હવે... સૌનાં કર્યા સહુ ભોગવે. પરંતુ મેં રાજેશ ખન્નાને ચોક્કસ રિકવેસ્ટ કરી. યાર... આમ તમારે મરવું જોઈતું ન્હોતું. આ તમારાં ગુણગાન સાંભળીને તો મારી ડાગળી ચસકી. આ મહાપરાણે... સાલાં... મારાં...સઘળાં... અવગુણગાન વાંચવાં પડ્યાં. આખરે સાચું કહેજો હોં... કોના ભોગે...?

તા. ક. સુપરસ્ટારને આખરી વિનંતી - તમે તો સ્વર્ગ સિધાવ્યા બાબુ મોશાય, લોકો તારી વાહ! વાહ! કરે કે ન કરે, શું ફેર ફડવાનો છે હે? અહીં મારે વાહ વાહ! જોઈએ છે, જરા પ્લીઝ. રિક્વેસ્ટ કરો ને ઈશ્વરને એક નાના કામ માટે... આપણા નામની, કામની અને દામની ત્વરિત અદલા-બદલી કરી નાખે.

## અમેરિકાના તમામ ગુરુદ્વારામાં સાવચેતીના પગલાંઓ લેવાયા : હાઈએલર્ટ જાહેર, એફબીઆઈની તપાસ શરૂ

વોશિંગ્ટન, તા.૬

અમેરિકાના વિસ્કોન્સિન રાજ્યના ઓકક્રીક શહેરમાં એક ધાર્મિક ગુરુદ્વારામાં થયેલા ગોળીબારમાં ઓછામાં ઓછા સાત શ્રદ્ધાળુઓના મોત થયા છે. ગુરુદ્વારામાં ગોળીબારની ઘટના બાદ એફબીઆઈ દ્વારા વાઈટ ટીશર્ટ અને બ્લેક ટેક્ટીકલ સ્ટાઈલની પેટમાં સજ્જ હુમલાખોરની શોધખોળ હાથ ધરી છે. નવી નક્કર વિગતો ટૂંકમાં શોધી કાઢવામાં આવશે તેવો દાવો અમેરિકી તંત્ર દ્વારા અને એફબીઆઈ દ્વારા કરવામાં આવ્યો છે. સ્થાનિક આતંકવાદી કૃત્ય છે કે કેમ તેમાં તપાસ ચાલી રહી છે. બંદૂકધારીની નામ હજુ જારી કરવામાં આવ્યું નથી પરંતુ તે ૪૦ વર્ષની આસપાસનો શ્વેત શખ્સ હોવાનું જાણવા મળ્યું છે. ગોળીબાર કરવા પાછળનો હેતુ પણ જાણી શકાયો નથી. ગોળીબાર કરનાર શૂટર અમેરિકી સેનામાં ફરજ બજાવી ચૂક્યો હોવાની માહિતી મળી છે. પોલીસે કહ્યું છે કે આ ગોળીબારમાં ગુરુદ્વારાની અંદર ચાર અને બહાર પાર્કિંગમાં ત્રણના મોત થયા છે. આ ગોળીબારમાં અનેક લોકો ઘાયલ પણ



થયા છે. અમેરિકી પ્રમુખ બરાક ઓબામાએ આ ઘટના અંગે દુઃખ વ્યક્ત કરીને ધાર્મિક સ્થળોની સુરક્ષા વધારવા સૂચના આપી છે. સાથે સાથે ધાર્મિક ગુરુદ્વારાઓમાં હાઈએલર્ટની જાહેરાત કરવામાં આવી છે. ઘાયલ થયેલા લોકોને સારવાર આપવામાં આવી રહી છે. પોલીસ અને સુરક્ષા સંસ્થાઓએ વધુ તપાસ હાથ ધરી લીધી છે. એક પોલીસ અધિકારી અને એક બંદૂક ધારી પણ ઘાયલ થયા હોવાના અહેવાલ મળ્યા છે. ઘાયલ થયેલા તમામ લોકોની હાલત સુધારા ઉપર છે. ગોળીબાર કરવામાં આવ્યો ત્યારે મોટી સંખ્યામાં લોકો ગુરુદ્વારામાં હોવાનું જાણવા મળ્યું છે. બનાવ બાદ મોટી સંખ્યામાં શીખ સમુદાયના લોકો અને અન્યો ગુરુદ્વારાની બહાર જમા થઈ ગયા હતા.

રવિવારે સ્થાનિક સમય મુજબ સવારે ૧૦.૨૦ વાગે પોલીસને માહિતી આપવામાં આવી હતી કે ગુરુદ્વારામાં ગોળીબાર થયો છે. લોકો ગુરુદ્વારામાં એકત્રિત થઈ રહ્યા હતા ત્યારે આ બનાવ બન્યો હતો. રવિવારના દિવસે ગુરુદ્વારામાં સૈકડો લોકો હતા. ભારતીય નેતાઓ પણ અહીં આવનાર હતા. અમરદીપ કલેકાના પિતા ગુરુદ્વારાના અધ્યક્ષ અને તેમને પણ ઈજા થઈ છે. તેમણે કહ્યું છે કે આ હુમલો ખૂબ જ યોજનાપૂર્વક કરવામાં આવ્યો હતો. ઓકક્રીકના બાવેલ એવેન્યુમાં સ્થિત આ ગુરુદ્વારાનું નિર્માણ ૧૯૮૦માં કરવામાં આવ્યું હતું. હવે આ ગુરુદ્વારામાં રજાના દિવસે સૈંકડો લોકો જમા થાય છે જેમાં બાળકોનો પણ સમાવેશ થાય છે.

ગુરુદ્વારામાં આયોજિત પંજાબી અને હિંદીનું વિશેષ શિક્ષણ આપવામાં આવે છે. શહેરની વસ્તી આશરે ૩૨ હજાર છે. દરમિયાન શિકાગો સ્થિત ભારતીય કાઉન્સલેટના એક અધિકારી વિસ્કોન્સિન માટે રવાના થઈ ચૂક્યા છે. ભારતીય વિદેશ મંત્રી એસ એમ કૃષ્ણાએ પણ દૂતાવાસનો સંપર્ક કર્યો છે.

### ગોળીબારની સાથે સાથે

- અમેરિકાના વિસ્કોન્સિનમાં ગોળીબારની ઘટના બાદ સાવચેતીના તમામ પગલા લેવાયા
- અમેરિકી પ્રમુખ બરાક ઓબામાએ પણ ચિંતા વ્યક્ત કરી
- ભારતીય વિદેશ મંત્રી કૃષ્ણા ભારતીય દૂતાવાસના સંપર્કમાં
- ઓકક્રીકના બાવેલ એવેન્યુમાં સ્થિત ગુરુદ્વારાનું નિર્માણ ૧૯૮૦માં કરાયું હતું
- દર રવિવારે રજાના દિવસે સૈંકડો લોકો જમા થાય છે
- શહેરની વસ્તી ૩૨ હજાર જેટલી છે
- અમેરિકા સ્થિત ભારતીય દૂતાવાસ સાથે કૃષ્ણાની વાતચીત ગોળીબાર થયો ત્યારે ગુરુદ્વારામાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ હતા
- સ્થાનિક સમય મુજબ સવારે ૧૦.૨૦ વાગે ગોળીબાર થયો હોવાની માહિતી પોલીસને અપાઈ હતી
- તમામ ગુરુદ્વારાઓની સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવામાં આવી
- ગોળીબારની ઘટના અંગે હજુ રહસ્ય